સંક્ષિપ્ત સમાચાર

કડોદરામાં બાળકના જન્મ બાદ પરિણીતાનું મોત

પલસાણા : પલસાણાના કડોદરા જી.આઈ.ડી.સી. સ્થિત બાલાજીનગરમાં રહેતા ૨૩ વર્ષીય સુલોચનાબેન વિશાલભાઈ પવારને આઠ મહિનાના ગર્ભ દરમિયાન પેટમાં અચાનક દુખાવો ઉપડતાં સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સીઝર ઓપરેશનથી બાળકના જન્મ બાદ તેમની તબિયત લથડી હતી. વધુ સારવાર અર્થે તેમને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. જ્યાં ઓપરેશન કરાયા છતાં, ટૂંકી સારવાર દરમિયાન ૧૩ ઓગસ્ટના રોજ તેમનું મોત નીપજ્યું હતું. નવા બાળકના જન્મની ખુશી વચ્ચે માતાનું અવસાન થતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે કડોદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સોનગઢમાં એટીએમ કાર્ડ બદલી ઠગાઈ કરનારી ગેંગ ઝડપાઈ

સોનગઢ: સોનગઢના SBI ATMમાંથી નાગરિકનું કાર્ડ બદલી ૨૦,૦૦૦ ઉપાડી લેનાર આંતરરાજ્ય ગેંગના ૪ સાગરીત બીપીન મિશ્રા, લવકુશ પાંડે, અશ્વિની સત્વારી અને મોહમદ આલમ અઝીઝ (રહે., હાલ-સુરત, મૂળ યુપી)ને વ્યારાથી એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રિક્ષા, ૧૩૭ ATM કાર્ડ, ૫ મોબાઈલ અને રોકડ મળી ૫૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ખોલવડમાં એક જ રાતમાં ચાર બાઈકની ચોરી

કામરેજ: ખોલવડની સુખ વિશ્વા સોસાયટીમાં તસ્કરોએ ભારે આતંક મચાવ્યો હતો. સોસાયટીમાં રહેતા અને ફેબ્રિકેશનનું કામ કરતા જગદીશ મકવાણાનું હોન્ડા સાઈન બાઈક નં.(GJ 05 UN 5585) ઘરના આંગણામાંથી ચોરાઈ ગયું હતું. સોસાયટીના સીસીટીવી ફૂટેજ ચકાસતાં વહેલી સવારે બે અજાણ્યા શંકાસ્પદ ઈસમો નજરે પડ્યા હતા. વધુ તપાસ દરમિયાન સોસાયટીમાંથી અજય સખવાળાની બાઇક નં.(જીજે 05 એચયુ 4937), સંદીપ સખવાળાની બાઇક નં.(જીજે 05 પીટી 4452) અને ઘનશ્યામ સુરાણીની બાઇક નં.(જીજે 05 પીઝેડ 2458) પણ ચોરાઈ ગયાનું સામે આવ્યું હતું. આમ, એક જ રાતમાં એક જ સોસાયટીમાંથી કુલ ૪ બાઈકની ચોરી થતાં ચકચાર મચી ગઈ છે. આ મામલે જગદીશ મકવાણાએ કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સોનગઢના જૂનવાણમાં આંગણવાડીનાં બાળકોની અનોખી દેશભક્તિ

સોનગઢ: સોનગઢના જૂનવાણ આંગણવાડીનાં ટાબરિયાંમાં પણ દેશભક્તિનો અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આંગણવાડીનાં ભૂલકાંએ પોતાના હાથ અને ગાલ પર રાષ્ટ્રધ્વજના કેસરી, સફેદ અને લીલો રંગ લગાવ્યો હતો.

સાબરગામ કોલેજમાં પુસ્તક પ્રદર્શન

અંત્રોલી: શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ કુંભારિયા, સંચાલિત અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, સાબરગામમાં ડો. એસ.આર.રંગનાથનની જન્મ જયંતી નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજાયું હતું. આ કાર્યક્રમ કોલેજના પ્રમુખ બળદેવસિંહ મહિડાનો સહયોગ મળ્યો હતો. આ પ્રસંગે કોલેજનાં આચાર્યા ડો. ફાલ્ગુની ઠક્કર, લાઇબ્રેરીયન ડો.હરિભાઈ ટંડેલ, પ્રા.ડો.તરુલતાબેન પટેલ, પ્રા. ડો.દીપાબેન દેસાઈ, પ્રા.ધર્મેશભાઈ રાઠોડ તથા પ્રા.ડો.તેજસભાઈ શાહ સહિત 900થી પણ વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ઉમરપાડા તાલુકામાં જંગલ જમીન દબાણ મુદ્દે ૨ હજાર લોકોની રેલી

'જંગલ બચાવો, આદિવાસી બચાવો'ના ગગનભેદી નારા લાગ્યા

સાગબારાના લોકો ઉમરપાડામાં ગેરકાયદે ઘૂસતા હોવાના આક્ષેપ

વાંકલ: ઉમરપાડા તાલુકામાં જંગલ જમીનના ગેરકાયદે ખેડાણ અને દબાણના મુદ્દે સ્થાનિક આદિવાસી સમાજમાં તીવ્ર અસંતોષ ફેલાયો છે. સાગબારા તાલુકાનાં આશરે ૧૨ ગામના લોકો દ્વારા ઉમરપાડાની જંગલ જમીન ૫૨ ગેરકાયદે કબજો જમાવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે ૨૦૦૦થી વધુ સ્થાનિક આદિવાસીઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા.

'જંગલ બચાવો, આદિવાસી બચાવો'ના ગગનભેદી નારાઓ સાથે એક વિશાળ આક્રોશ રેલી યોજવામાં આવી હતી. આ રેલી ઉમરપાડા મામલતદાર કચેરી ખાતે પહોંચી હતી, જ્યાં રાજ્ય પાલને ઉદ્દેશીને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

ખોટા રામપુરાના સરપંચ અને આદિવાસી મહિલા આગેવાન ચંદનબેન વસાવાએ જણાવ્યું કે, સાગબારાના લોકો પોતાના વિસ્તારમાં જમીન ધરાવતા હોવા છતાં અહીં આવીને ગેરકાયદે દબાણ કરી રહ્યા છે અને સ્થાનિકોને ધમકાવી રહ્યા છે. અહીંના સ્થાનિક વિસ્થાપિતોના હક હજુ બાકી છે, ત્યારે ઉમરપાડાના આદિવાસીઓ પોતાની એક ઇંચ જમીન પણ આપશે નહીં. બીજી તરફ વડગામના સરપંચ અને તાલુકા આગેવાન જીવણભાઈ વસાવાએ આક્ષેપ કર્યો હતો કે સાગબારાના લોકો ખોટા પુરાવા ઊભા કરીને સરકારને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ જંગલ માત્ર ઉમરપાડાનું છે અને તેના રક્ષણ માટે આખો સમાજ એકજૂટ છે. સ્થાનિકોએ વહીવટી તંત્ર પાસે ગેરકાયદે દબાણો તાત્કાલિક દૂર કરવાની માંગ કરી છે. તેમણે કડક ચેતવણી આપી છે કે જો આ ગેરકાયદે ખેડાણ નહીં અટકે, તો સમગ્ર આદિવાસી સમાજ આગામી દિવસોમાં ઉગ્ર સ્વરૂપે ધરણા પ્રદર્શન કરશે.

ખોપીમાં ખેડૂતોના ધરણાને વિપક્ષનું સમર્થન

ચિકદા, સાગબારા: સાગબારા અને ઉમરપાડા તાલુકા સરહદે જંગલ જમીન ખેડાણ મુદ્દે વન વિભાગ અને ખેડૂતો વચ્ચે વિવાદ ઘેરો બન્યો છે. ન્યાયની માંગ સાથે ખોપી ગામના અસરગ્રસ્ત ખેડૂતો સાત દિવસથી ધરણા પર બેઠા છે. ધરણાના સાતમા દિવસે વિપક્ષી નેતા તુષાર ચૌધરી અને વાંસદાના ધારાસભ્ય અનંત પટેલ, પૂર્વ ધારાસભ્ય સુખરામ રાઠવા અને પૂર્વ ધારાસભ્ય પી.ડી. વસાવા સહિત કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનોએ સ્થળ પર પહોંચી સમર્થન જાહેર કર્યું હતું. આ મુદ્દે ઉકાઈ વિસ્થાપિત ખેડૂતોમાં તંત્ર અને સરકાર સામે ભારે નારાજગી વ્યાપી ગઈ છે.

કોસંબા નજીક હાઈવે પર ટ્રાવેલ બસ ટ્રેલર પાછળ ઘૂસી ગઈ

ચાલક સહિત ચાર મુસાફર ઈજાગ્રસ્ત

હથોડા: અમદાવાદથી સુરત તરફ જઈ રહેલી ખાનગી ટ્રાવેલ બસને કોસંબા નજીક ભયાનક અકસ્માત નડ્યો હતો. ધામણોદ ગામની સીમમાં નેશનલ હાઈવે પરથી પસાર થઈ રહેલી 'મહાદેવ ટ્રાવેલ્સ'ની બસ નં.(MP 09 D 1394)ના ચાલક કૈલાસે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં બસ આગળ ચાલી રહેલા ટ્રેલર પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ટ્રાવેલ બસની કેબિનના ફૂરચા બોલી ગયા હતા. બસમાં સવાર મુસાફરોએ ચીસાચીસ કરી મૂકી હતી. આ દુર્ઘટનામાં બસના ચાલક સહિત ચારેક મુસાફરોને સામાન્ય ઈજા પહોંચી હતી. આ બનાવ અંગેની જાણ થતાં જ હાઈવે પર પેટ્રોલિંગ કરી રહેલી જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ તુરંત ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે 108 એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ભરૂચની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

તાપી જિલ્લા કક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી આજે વ્યારા ખાતે કરાશે

વ્યારા: સ્વતંત્રતા પર્વની તાપી જિલ્લા કક્ષાની ઉજવણી આજે તા.૧૫ ઓગસ્ટ સવારે ૯ વાગ્યે તાપી જિલ્લાના મુખ્ય મથક ખાતે આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીનાં અધ્યક્ષ સ્થાને થશે. વ્યારા ખાતે યોજાનારા કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષના હસ્તે ધ્વજવંદન બાદ પરેડ નિરીક્ષણ, પ્રાસંગિક ઉદબોધન, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત જિલ્લાનાં વિશિષ્ટ કામગીરી કરનારા કર્મચારીઓને સન્માનપત્ર એનાયત કરવામાં આવશે.

ધામણોદમાં પાળી પરથી પડતાં એક ઘાયલ

હથોડા: ધામણોદમાં જે બી આરપેટ કોલોનીના બીજા માળે પાળી પર સૂઈને મોબાઈલ પર વાત કરી રહેલો મધ્યપ્રદેશનો પવનકુમાર કોલ અચાનક નીચે પટકાતાં ગંભીર રીતે ઘવાયો હતો. બેભાન અવસ્થામાં તેને અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેની કોસંબા પોલીસે તપાસ હાથ ધરી છે.

યુવતીને જાહેરમાં થપ્પડ મારી હત્યાની ધમકી

બારડોલીમાં 'બીજા છોકરા સાથે વાતચીત કેમ કરે છે?' કહી હિરેન વહિયાએ ગાળો આપી થપ્પડ મારતાં ફરિયાદ

બારડોલી: બારડોલી ટાઉન પોલીસ મથકમાં એક યુવતીને જાહેરમાં અપશબ્દો બોલી, માર મારીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ગંભીર ફરિયાદ નોંધાઈ છે. પોલીસ આ બનાવમાં ગુનો નોંધી તપાસ આદરી હતી.

બારડોલીમાં રહેતી સંજનાબેન સુરેશભાઈ ધોડિયા પટેલ દ્વારા આપવામાં આવેલી ફરિયાદ અનુસાર તેઓ જ્યારે પોતાના કામ પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે હિરેન અશોકભાઈ વહિયા નામનો યુવક તેની પાસે આવ્યો હતો.

આરોપીએ ઉશ્કેરાઈને સંજનાબેનને 'બીજા છોકરા સાથે વાતચીત કેમ કરે છે?' તેમ કહી ગાળો આપી હતી અને જાહેરમાં ચાર-પાંચ થપ્પડ મારી દીધી હતી. આટલું જ નહીં, આરોપીએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ સમગ્ર મામલે ભોગ બનનાર યુવતીએ ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બારડોલી ટાઉન પોલીસ મથકે પહોંચીને વિધિવત ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા આરોપી હિરેન વહિયા વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

નામ બદલેલ છે

મારૂં જુનું નામ પટેલ દિપ્તી હરેશકુમાર હતું જે બદલીને નવું નામ દિપ્તીબેન હરેશભાઈ પટેલ રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
સહી/- દિપ્તીબેન હરેશભાઈ પટેલ
સરનામું:- પીએલ-એચ-૪૦૨૨, કોલોની જીઆઈડીસી, અંકલેશ્વર, જી. ભરૂચ-૩૯૩૦૦૨, ગુજરાત, ભારત.

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man: Brand New Day-2D - 12:00pm
Awarapan 2 11:00am, 01:00pm, 03:00pm, 05:00pm, 07:00pm 09:00pm,10:00pm
Batwara 1947 10:00am, 02:00pm, 04:00pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

Happy Independence Day
Aarti Industries Limited
Dahej Plant: Plot no. Z/103/H, Dahej SEZ Part-II, P.O. Lakhigam, Taluka. Vagra, Dist. Bharuch, Gujarat
Jhagadia Plant: Plot No. 758/1,2&3, GIDC, Jhagadia, Dist. Bharuch.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી
નં.જન્મ-મરણ/અપીલ નં.૨૭૯/૨૦૨૬
તા.૦૭/૦૭/૨૦૨૬
વાદી :- દુબલીબેન તે સેવજીભાઈ ચૌધરીની પુત્રી, રહે.મોવડી ફળિયું, ધોડબાર, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૪૦.
વિરૂધ્ધ
પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ધોડબાર ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૪૦
વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.
આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી દુબલીબેન સેવજીભાઈ ચૌધરીની પુત્રી, રહે.મોવડી ફળિયું, ધોડબાર, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૪૪૦એ તેઓના માતા શાંતિબેન સેવજીભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: શાંતિબેન સેવજીભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૨/૦૫/૨૦૧૦ ૩. મરણનું સ્થળ: મોજે.ધોડબાર, તા.માંગરોળ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે શાંતિબેન સેવજીભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.
કોર્ટનો સિક્કો
હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

DCM SHRIRAM
HAPPY Independence DAY
DCM SHRIRAM LTD.
UNIT : SHRIRAM ALKALI & CHEMICALS
GIDC-JHAGADIA, DI. BHARUCH.

AARTI INDUSTRIES
HAPPY INDEPENDENCE DAY
Aarti Industries Ltd.
Plot No. 758/1-2-3, GIDC, Jhagadia.

BS SALT PVT. LTD.
Manufacturer of Upgraded Industrial Salt
Office- 801, Shivam Appartment, Green Avenue, Behind Petrol Pump, College Road, Bholav, Bharuch.
Works- Paniadra- 392 130 (Dahej) Ta. Vagra, Dist- Bharuch
E-mail: bsaccounts@bssalt.com

Happy Independence Day
CHEMIEORGANIC Chemicals (India) Pvt. Ltd.
Plot No.758, G.I.D.C. Jnagadia. Dist. Bharuch-393110, Gujarat.
E-mail : sjpatel@chemiorganic.com
: MUMBAI OFFICE :
Hemu Plaza, Station Road, Vileparle (W) Mumbai-400 056.
Fax: 022-2611 3076 • Mail : info@chemieorganic.com

GFL Happy Independence Day!
Gujarat Fluorochemicals Limited
Plot No: 12/A, GIDC Dahej Industrial Estate, Taluka: Vagra, Di. Bharuch-392130, Gujarat, India. W: www.gfl.co.in
Gujarat Fluorochemicals Limited
Plot No. D-2/CH/173 & 222, Village-Jolva, GIDC-Dahej Industrial Estate, Dahej II, Taluka-Vagra, Dist. Bharuch-392 130, Gujarat.
W: www.gfl.co.in

Wishes You Happy Independence Day
RALLIS INDIA LIMITED
A TATA Enterprise
Plot No. Z/110 & Z/112, SEZ Part - 02, PO. Lakhigam, Dahej, Taluka : Vagra, Dist. Bharuch - 392 130

AUGUST 15 HAPPY Independence DAY
Celebrate the pride of being Indian and the joy of living in a free nation. Wishing you a Happy Independence Day.
- Well Wisher

મે. ૦૫ માં એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ ની કોર્ટ માં,
મુકામ બારડોલી જી.સુરત નવી કોર્ટ બિલ્ડીંગ રૂમ નં ૩૦૧ બારડોલી જી.સુરત
વાલીપચ્યુશન અરજી ૨૭/૨૦૨૬, મુદ્દત તારીખ ૨૨/૦૯/૨૦૨૬
વાદી:- ખુશ્બુ હાર્દિકકુમાર આહિર તે વિનોદભાઈ વાઘેલા ની દીકરી
અરજદાર:- અરજદાર નાં વ.શ્રી બી.બી.રાજપુરોહીત
વિરૂધ્ધ
સામાવાળા:- વિનોદભાઈ પરષોતમભાઈ વાઘેલ
:::જાહેર નોટીસ:::
આથી લાગતા વળગતા તમામ ઈસમો ને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, અમો ઉપરોક્ત અરજદાર ના ઓએ અત્રેની કોર્ટ માં વાલી પચ્યુશન અરજી ૨૭/૨૦૨૬ દાખલ કરી દાદ માંગેલ છે. મે.બારડોલી એડી.ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ સાહેબ ની કોર્ટ માં વાલી અરજી નંબર ૪૭/૨૦૧૮ થી તા. ૧૧/૧૨/૨૦૧૮ નાં રોજ દાખલ કરેલ જેમાં તા.૦૬/૦૭/૨૦૨૧ નાં રોજ વિનોદભાઈ પરષોતમભાઈ વાઘેલા ની સગીર મનસાનાં વાલી તરીકે નિમણુંક કરેલી હતી તેમને સગીર મનસાનાં વાલી તરીકે દુર કરીને સગીર મનસાનાં વાલી તરીકે અરજદાર ખુશ્બુ હાર્દિકકુમાર આહિર ને સગીર મનસા નિમેષકુમાર વાઘેલા નાં વાલી તરીકે નિયુક્ત કરવા માટે નામદાર કોર્ટ ને અરજ કરેલ છે. સદર અરજી વિરૂધ્ધજે કોઈ વ્યક્તિ,સંસ્થા અથવા અન્ય કોઇ ને પણ વાંધો હોય તો તેઓ સદર કામ ની મુદત તારીખ ૨૨ સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ જાતે અથવા વકીલ મારફતે સવારે ૧૧:૦૦ કલાકે અત્રે ની નામદાર કોર્ટમાં હાજર થઈ વાંધા રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ દ્વારા અરજી નો યોગ્ય તે ન્યાયિક નિકાલ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.
આજ તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યુ.
તૈયાર કરનાર (એમ.એન.સોલંકી) આસીસ્ટન્ટ એડી.ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ,બારડોલી સુરત.
મુકાબલ કરનાર (એચ.પી.દેસાઈ) આસીસ્ટન્ટ એડી.ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ,બારડોલી,સુરત.
કોર્ટનો સિક્કો
હુકમથી (એ.બી.વ્યાસ) રજિસ્ટ્રારશ્રી એડી.ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ,બારડોલી, સુરત.

"We Salute our Nation on the Occasion of Independence Day"
With Best Compliments
DIC Fine Chemicals Pvt. Ltd.
Dahej Special Economic Zone

Ph. 02646- 221934
M.S.Enterprise
Providing Mechanised Cleaning-House Keeping Service-Excluding Design & Devlopment
Office: Plot No. 5002/01, Khwaja Chowkdi, G.I.D.C. Ankleshwar- 393002. E-mail : ms.enterperises123@gmail.com

Happy Independence Day With Best Compliments From...
Narmada Caterers
Industrial & Commercial Canteen Contractor
Shop No. 1, 3rd Floor, James Plaza Square, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar, Dist. : Bharuch. (Guj) Tele. Fax : (02646) 227799

WITH BEST COMPLIMENTS FROM.
ARVIND MAFATLAL GROUP The ethics of excellence
NOCIL LIMITED
Plot No. 12/A/1, GIDC , Dahej ,Dist. : Bharuch , Gujarat

With Best Compliments From
SURYA ENTERPRISE
Florance Shopping Center, Shop No.:1, 1st Floor, DAHEJ BY PASS ROAD, BHARUCH-392001, GUJARAT.
Government Approved Licensed Electrical Contractor
Email: suryaenterpries@rediffmail.com

Wishes you Happy Independence Day From A Well Wisher

BEST WISHES ON INDEPENDENCE DAY
ISGEC Hitachi Zosen Limited
Plot No. 13/B, GIDC Dahej, Tal: Vagra, Dist. Bharuch.